સરકારના સીધા અથવા પરોક્ષ નિયંતણ હેઠળ હોય
તેવી મિલ્કતોના વીમા બાબત.

ગુજરાત રાજ્ય
નાણાં વિભાગ
ઠરાવ ક્રમાંક : વનમ-૧૦૪૯-૧૧૧૭-બ.૧,
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૫-૨-૯૫

સંદર્ભ:-

૧ નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક: એઇ.આઇ.એફ.૨૦૬૦-જી, તા.૧૯-૭-૧૯૬૦
૨ નાણાં વિભાગના પરિપત્ર ક્રમાંક: એસ.એમ.વી.એ-૧૦૭૩-૩૬૫૩-ઝેડ. તા. ૧૧-૯-૧૯૭૩
૩ નાણાં વિભાગના પરિપત્ર ક્રમાંક: એસ.એમ.વી.એ-૧૦૭૪-૫૨૫૧-ઝેડ. તા. ૨-૪-૧૯૭૫
૪ નાણાં વિભાગના પરિપત્ર ક્રમાંક:એસ.એમ.વી.એ -૧૦૭૫-૧૯૬૯-ઝેડ. તા. ૧૬-૪-૧૯૭૫
૫ નાણાં વિભાગના પરિપત્ર ક્રમાંક: એસ.એમ.વી.એ -૧૧૭૫-૪૨-ઝેડ. તા. ૨૦-૧૧-૧૯૭૫
૬ નાણાં વિભાગના પરિપત્ર ક્રમાંક:વી.એન.એમ-૨૯૭૬-૨૨૩-એ તા. ૧-૧૦-૧૯૭૬
૭ નાણાં વિભાગના પરિપત્ર ક્રમાંક: વી.એન.એમ-૧૦૭૮ -૨૪૦૨ -એ તા. ૯-૧-૧૯૭૮
૮ નાણાં વિભાગના પરિપત્ર ક્રમાંક: વી.એન.એમ-૧૦૭૮ -૨૭૪૨-એ તા. ૮-૧-૧૯૭૯
૯ નાણાં વિભાગના પરિપત્ર ક્રમાંક: વી.એન.એમ-૧૪૭૯ -૮૧૦-એ તા. ૮-૩-૧૯૭૯
૧૦ નાણાં વિભાગના પરિપત્ર ક્રમાંક: વી.એન.એમ-૨૨૭૮ -૩૬૩૯-એ તા. ૧૮-૫-૧૯૭૯
૧૧ નાણાં વિભાગના પરિપત્ર ક્રમાંક: એસ.એમ.વી.એ -૧૦૮૨-૮૧૨-ઝેડ. તા. ૨૫-૨-૧૯૮૨
૧૨ નાણાં વિભાગના પરિપત્ર ક્રમાંક: વી.એન.એમ-૧૪૮૨ -૧૭૫૪-ટ. ૧, તા. ૩-૯-૧૯૮૪
૧૩ નાણાં વિભાગના પરિપત્ર ક્રમાંક: વી.એન.એમ-૧૪૮૨ -૧૭૫૪-ટ. ૧, - ૨૩૭-૮૫, તા. ૧૯-૮-૧૯૮૫
૧૪ નાણાં વિભાગના પરિપત્ર ક્રમાંક: વી.એન.એમ-૧૦૮૬-૩૪૬૩-ઠ.ર., -તા. ૩૧-૩-૧૯૮૭

આ.મુ.ખ:-

રાજ્ય વીમા નિધિની કામગીરી બાબત સરકાર દ્વારા જુદા જુદા સમયે ઠરાવ / પરિપત્રો બહાર પાડેલા છે. આ બધા હુકમો ને સંકલિત હુકમોના સ્વરૂપમાં બહાર પાડવાનુ છેલ્લા કેટ્લાક સનથી વિચારણા હેઠળ હતુ. યોગ્ય વિચારણા ને અંતે આ અંગે ના સર્વે હુકમોની જોગવાઇઓને સળંગ અને સંકલિત સ્વરૂપમાં નીચે મુજબ બહાર પાડવાનુ ઠરાવવામાં આવે છે.

ઠ રા વ:-

## ૧ ગુજરાત રાજય વીમા નિધિનો સ્થાપના તથા ઉદ્દેશો :-

ગુજરાત સરકારે સરકારી વિભાગોએ અર્ધ સરકારી સંસ્થાઓ, વૈધ્યાનિક સંસ્થાઓ, સહકારી સંસ્થાઓ અને જેમાં રાજુ સરકાર પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે નાણાંકિય હિત ધરાવતી હોય તેવી અન્ય સંસ્થાઓની મિલ્કતોના વીમાની જર ઊરીયાત પૂર ઈ પાડવા માટે રાજ્ય વીમા નિધિની સ્થાપના કરી છે. આ રીતે સ્થપાયેલ રાજ્ય વીમા નિધિ તા.૧-૫-૬૦ થી રાજ્યમાં કામગીરી કરે છે. હવે ૧૯૭૬ થી તેનુ સંચાલન રાજ્ય સરકારના નાણાં વિભાગના વહિવટી નિયંત્રણ હેઠળ કામ કરતા વીમા નિધિ વીમા અધિનિયમ -૧૯૩૮ ની કલમ હેઠળ નોંધાયેલ વીમા કર્તા છે. તે રાજ્ય સરકાર ની માલિકી ની તમામ મિલ્કતો માટે સ્વયં વીમા યોજના રૂપે કામ કરે છે. તેમજ સરકારી ઉપક્રમો અને અન્ય સંસ્થાઓની બીજી સઘળી મિલ્કતો અને હિત સબંધ માં અધિકૃત વીમા કર્તા તરીકે કામ કરે છે. રાજ્ય સરકારના બધા વિભાગો મોટર વાહન સિવાયના દરેક સામાન્ય વીમા માત્ર રાજ્ય વીમા નિધિ પાસે જ લેવા ના હોય છે. કોઇ પણ સંસ્થાની મિલ્કતોના સામાન્ય વીમા લેવાની ચાલુ પ્રથાઓને સરકારી સંસ્થાઓની મિલ્ક્તના અથવા સરકારની વેપારી યોજનાના વીમા માટે સિધ્ધાંત તરીકે અપનાવવામાં આવી છે.

## ૨ ધારાકીય જોગવાઇઓ :-

ભારત સરકારે ૧૯૭૧ ના વર્ષમાં સામાન્ય વીમા વ્યવસાયનુ રાષ્ટ્રીયકરણ કર્યુ છે, અને સામાન્ય વીમા રાષ્ટ્રીયકરણ અધિનિયમ ૧૯૭૨ની કલમ -૩૬ (૧) (ક) ના પરંતુક હેઠળ રાજ્ય સરકારોને આ વ્યવસાય ચાલુ રાખવા મુક્તિ આપવામાં આવી છે. તથા ભારત સરકારે રાજ્ય સરકારના આ વ્યવસાયને રાષ્ટ્રીયકરણના ક્ષેત્રેની બહાર રાખ્યો છે. જે રાજ્ય સરકારો રાષ્ટ્રીયકરણની તારીખના રોજ આવો વ્યવસાય કરતી હતી તેમને સામાન્ય વીમા ઉઅતારવાની બાબતમાં અધિનિયમ કલમ -૩૬ (૧) (ક) હેઠળ વિસાળ કાર્યક્ષેત્ર પુરૂં પાડ્યુ છે. કલમ ૩૬ (૧) (ક) નીશે મુજબ છે.

-૩૬ (૧) આ અધિનિયમની કોઇ પણ મજકુર વીએમો રાજ્ય સરકારની મિલ્કત અથવા અર્ધ સરકારી સંસ્થાઓ કે રાજ્ય સરકારે કોઇ કાનૂન હેઠળ સ્થપાયેલ કોઇ બોર્ડ કે નિગમીત મંડળની મિલ્કત અથવા જેમા રાજ્ય સરકારે શેર હોલ્ડર તરીકે નાણાં ધીરનાર તરીકે કે બાહેધરી આપનાર તરીકે નોધપાત્ર પ્રમાણ માં નાણાંકિય હિઅત ધરાવતી હોય તેવા કોઇ ઔદ્યોગિક કે વાણિજ્યને ઉપક્રમો મિલ્કતને લગતો હોય તેટ્લા અંશે રાજ્ય સરકાર દ્વારા સંચાલિત સામાન્ય વીમા વ્યવસાય ને લાગુ પાડશે નહી.

## ૩ <u>નાણાંકિય હિત ની વ્યાખ્યતા તથા તેનુ અર્થઘટન :-</u>

વધુમાં "<u>નોધપાત્ર પ્રમાણ માં નાણાંકિય હિત</u>" એ શબ્દ પ્રયોગની વ્યાખ્યા નીચે પ્રમાણે આપીછે.

(૧) રાજ્ય સરકારનુ પ્રત્યક્ષ નાણાંકિય હિત પછી તે શેર હોલ્ડર તરીકે હોય, નાણાંધીરનાર તરીકે હોય કે બાહેધરી આપનાર તરીકે હોય –<u>૨૬ ટકા</u> થી વધુ હોય.

(૨) રાજ્ય સરકારનુ અને રાજ્યની નાણાં સંસ્થાનુ નાણાંકિય હિત પછી તે શેર હોલ્ડર તરીકે હોય, નાણાં ધીરનાર તરીકે હોય કે બાહેધરી આપનાર તરીકે હોય –<u>૫૧ ટકા</u> થી ઓછુ ન હોય.

(૩) ઉપક્રમોમાં રાજ્ય સરકારનુ અને રાજ્યની નાણાં સંસ્થાનુ નાણાંકિય હિત પછી તે શેર હોલ્ડર તરીકે હોય, નાણાં ધીરનાર તરીકે હોય કે બાહેધરી આપનાર તરીકે હોય –<u>૧ કરોડ</u> કે તેથી વધુ હોય.

(૪) ર્રાજ્ય વીમાઅ નિધિની રચના ની અંતર્ગત ઉદ્દેશ ખર્ચ અને હક દાવા સબંધી ખર્ચને પહોંચી વળ્યા પછી પ્રિમિયમ ની ફાજલ આવક માંથી રાજ્યની તિજોરી માટે નાણા ઉપલબ્ધ કરવાનો છે.

તેથી તમાંમ વહીવટી વિભાગને એ બાબત સુનિશ્ચિત કરવાની વિનંતી કરવામાં આવે છે, કે વીમા નિયામક ને ઉપયુક્ત ધોરણ અનુસારની માહિતી ખાસ કરીને નીચેની વિગતો સાથે પુરી પાડવામાં આવે:-

**(૧) સંસ્થાનુ નામ:-**

**(૨) પરીયોજનાનુ નામ:-**

**(૩) વહીવટી કચેરીનુ સરનામુ, ટેલીફોન નંબર અને તારનુ સરનામુ:-**

**(૪) મુખ્ય કારોબારી અધિકારે ન્ય બનામ અને હોદ્દો :-**

**(૫) પરિયોજનાનુ સંભવિત સ્થાન :-**

**(૬) રાજ્ય સરકારના નોંધપાત્ર નાણાકિય હિત (વ્યાખ્યા આપ્યા પ્રમાણે) ની વિગતો :- શેર, લોન બાહેધરી વગેરે રૂપે.**

**(૭) બાંધકામ શરૂ થવાની સંભવિત તારીખ :-**

**(૮) કુલ અંદાજીત ખર્ચ જોગવાઇ :-**

૪. <u>માલ હેરફેરના વિમા બાબત :-</u>

સરકારે વધુમાં નક્કી કર્યુ છે કે, રાજય સરકારના કોઇપણ વિભાગોને જે માલ હેરફેર હેઠળ હોય અને જેની કિંમત રૂ. ૫,૦૦૦/- થી ઓછી હોય તેના વીમા લેવા નહીં જેથી વીમા નિયામકની કચેરી તેમજ અન્ય સરકારી વિભાલોમાં બિન જરુરી વહીવહી કામગીરી નિવારી શકાય.

૫. <u>રાજય વીમા નિધિની કામગીરી તથા સહ વીમા વ્યવસ્થા અંગેની સુચનાઓ :-</u>

વીમા નિયામકને સરકારી વીમા નિધિના અધિકાર ક્ષેત્રમાં આવતા વીમા લેવાનો વ્યુહ ઘડવા માટે અધિકૃત કરવામાં આવ્યા છે.

(૧) તેઓ નક્કી કરે ત્યાં વીમા નિયામકની કચેરી પોતેજ ૧૦૦ ટકા વીમા ઉતારે છે.

અથવા

(૨) વીમાનું પ્રમાણ અને જોખમ લક્ષમાં લઇને વીમા નિયામકની કચેરી દ્વારા નિયત કરવામાં આવે તેટલા ગુણોત્તરમાં સામાન્ય વીમા નિયામકની પેટા કંપની-વીમા કચેરીઓની સાથે સંયુક્ત રીતે સહ વીમા ધોરણો વીમો ઉતારે છે.

વીમા નિયામક જયાં જયાં વીમા નિધિ સાથે ૧૦૦ ટકા વ્યવસાય ચાલુ રાખવાનું યોગ્ય ગણે છે, ત્યાં નિધિ દ્વારા પ્રિમિયમને વસુલાત કરવામાં આવે છે. પોલીસીના દસ્તાવેજો આપવામાં આવે છે. હકદાવા અંગે કાર્યવાહી કરવામાં આવે છે અને તેની પતાવટ કરવામાં આવે છે જયારે વીમા સેવા પુરી પાડવાની કામગીરી સહિત સમગ્ર કામગીરી આવી કંપનીઓને સોંપવામાં આવે છે. આવા કેસમાં વીમા કંપનીઓ સેવા પુરી પાડવાની સો એ ટકા કામગીરી હાથ ધરે છે. પોતાની વતી અને સરકારી વીમા નિદિવતી વીમાદાર પાસેથી પ્રીમીયમની વસુલાત કરે છે. તથા જો કોઇ હક્કદાવા હોય તો તે અંગે કાર્યવાહી કરે છે અને પતાવટ કરે છે. આ માટે વીમા નિયામક, ભારતીય સામાન્ય વિમા નિગમની આવી આનુષંગિક કંપનીઓ સાથે વખતો વખત કરાર કરે છે. અને એ સ્પષ્ટ કરવાનું ઉચિત છે કે વીમા નિધિના કાર્યક્ષેત્રમાં આવતા ગ્રાહકો સામાન્ય રીતે વિમા નિગમની આનુષંગિક કંપનીઓ સાથે બારોબાર સંપર્ક સાધવાની અધિકૃતિ ધરાવતા નથી. પરંતુ તેમણે વીમા માટે વિમા નિયામક પાસે જવાનું રહે છે. અને તેમની સુચના મળેથી પોતાની વીમા માટે ચોક્કસ વીમા કંપનીઓ સંપર્ક સાધવાનો રહે છે.

સરકારી વિભાગો દ્વારા ચોપડે હિસાબ મેળવી પ્રિમિયમ ભરવાની જોગવાઇ હવે બંધ કરવામાં આવી છે. અને કલમ-૬૪ (વી) (બી) અન્વયે આવશ્યક બનાવવા પ્રમાણે વીમો ઉતરાવનાર સંસ્થાઓ અગાઉથી પ્રિમીયમ ભરવાનું અથવા તે માટે પર્યાપ્ત બેંક બાહેંધરી આપવાનું જરુરી છે.

સરકારી વીમા નિધિ પાસે મિલકતોનો વીમો ઉતરાવવા માટે સરકારને સુસ્પષ્ટ સુચનાઓ હોવા છતાં સરકારના ધ્યાન પર આવ્યું છે કે, બધી જ સંસ્થાઓ એક યા બીજા બહાના હેઠળ આ સુચનાઓનું ચુસ્તપણે પાલન કરતી નથી. જે નાણાકીય અશિસ્ત આચર્યા બરોબર છે. આ બાબત મુશ્કેલીઓ નિવારવા માટે સરકારે નક્કી કર્યુ છે કે સરકાર અથવા તેની નાણાં સંસ્થાઓ પાસેથી શેર, લોન કે બાંહેધરીના રુપમાં સહાય મેળવતી સંસ્થાઓ આ ઠરાવ સાથે જોડેલા પત્રકમાં એ મતલબની બાંહેધરી આપવાની રહેશે કે તેઓના વીમાના કામ માટે માત્ર વીમા નિયામકનોજ સંપર્ક સાધશે, આ બાંહેધરીના આધારે વીમા નિયામક, નાયબ વીમા નિયામક અને મદદનીશ વીમા નિયામક પ્રમાણપત્ર પર સામી સહી કરશે. આમ છતાં સરકાર તરફથી રૂ. ૫૦,૦૦૦/- સુધીની સહાય મેળવતી નાની સંસ્થાઓને મુશ્કેલી ન પડે તે માટે તેમને પોતાના બીલો રજુ કરતી વખતે આ વિધિ કરવામાંથી મુક્તિ આપવામાં આવી છે. વધુમાં સરકારે આદેશ આપ્યો છે કે, સરકારના તમામ વહીવટી વિભાગો અને રાજય નાણાં સંસ્થાઓએ કરારમાં એ મતલબનો ખંડ આમેજ કરવો કે જેમાં ગુજરાત સરકારનું નોંધપાત્ર પ્રમાણમાં હિત હોય તેવી સંસ્થાઓએ વીમા માટે વિમા નિયામકનો સંપર્ક સાધવો.

વીમા નિયામક દ્વારા સેવા પુરી પાડવાની કામગીરી સહિત વીમા સંબંધી સમગ્ર કામગીરીમાં સામાન્ય વીમા નિગમની આનુષાંગિક કંપનીઓ સાથે સંયુક્ત રીતે હાથ ધરવાનું નક્કી કરવામાં આવતા, ઘણાં ગ્રાહકોએ એવી દલીલ કરી છે કે વીમા નિયામકની કચેરી, સેવા પુરી પાડવાની કામગીરી સીધી સીધી રીતે સંભાળતી નથી. ત્યારે તેમણે આ બાબતમાં મોટા હિસ્સા માટે આગ્રહ રાખવો જોઇએ નહીં. આ અંગે વીમા ઉતરાવના તમામ સંસ્થાઓનું એ બાબત તરફ લક્ષ દોરી સ્પષ્ટા કરવામાં આવે છે કે, જે જે કેસોમાં વીમા નિયામકની કચેરી દ્વારા સેવા પુરી પાડાવાની કામગીરી વીમા કંપનીઓને સોંપવામાં આવી છે ત્યાં ત્યાં સરકારે આવો વીમો ઉતારવવા માટે સેવા ખર્ચ આપવાની તૈયારી દર્શાવી છે. અને આમ હોવાથી સામાન્ય વીમા નિગમની આનુષાંગિક કંપનીઓ વીમા સેવા આપવા માટે વચનબધ્ધ થયેલી છે અને સરકારી વીમા નિધિ પાસેથી મોટો હિસ્સો નહી મળવા અંગે કોઇ કચવાટ રહેતો નથી. કેમ કે વીમો ઉતરાવનાર સંસ્થાઓની વીમા સંબંધી કામગીરી સરકારી વીમા નિધિના કાર્યક્ષેત્રમાં આવે છે.

ઉપર્યુક્ત બાબતે અનુલક્ષીને સંબંધીત તમામ ધ્યાન પર લાવાવામાં આવે છે કે, વીમા નિયામકની કચેરી મારફત કરતા વીમા વ્યવહારથી રાજયના નાણા સાધનોમાં વધારો થશે. એટલે કે એમ કરવાનું રાજયના નાણાંકીય હીતમાં રહેશે. તેથી ફરી એકવાર આદેશ આપવામાં આવે છે કે, અગાઉ ઉલ્લેખીત ધોરણોની અંદર આવતી તમામ સંસ્થાઓએ પોતાની વીમા કામગીરી માત્ર ગુજરાત સરકારની વીમા નિયામકની કચેરી, મારફત કરવામાં આવે છે તે સુનિષ્ચિત કરવું.

આ ઠરાવની જોગવાઇ અન્વયે કોઇ વિસંગતતા જણાયતતો સંદર્ભમાં જણાવેલ દર્શાવેલ જે તે હુકમની મુળ જોગવાઇનો અમલ કરવાનો રહેશે.

ગુજરાનના રાજયપાકશ્રીન હુકમથી અને તેમના નામે.

(આર. આર. પકાઇ)
સરકારના ઉપસચિવ,
નાણાં વિભાગ.

પ્રતિ,

. સચિવાલયના સર્વે વિભાગો.
૨. વીમા નિયામકશ્રી, શ્રી અંબીકા સેંન્ટર, પથ્થરકુવા, અમદાવાદ.
૩. સર્વે ખાતાના વડાઓ (પાંચ નકલ, નાણાં વિભાગના હસ્તકનાં)
૪. એકાઉંન્ટન્ટ જનરલ ગુજરાત રાજય અમદાવાદ.
૫. એકાઉંન્ટન્ટ જનરલ, ગુજરાત રાજય રાજકોટ.
૬. સર્વે તિજોરી અધિકારીઓ. (દરેકેને પાંચ નકલ પેટા તિજોરીના ઉપયોગ માટે)
૭. જાહેર સાહસોનું બ્યુરો, નાણાં વિભાગ/અ શાખા.
૮. નાણાં વિભાગના સર્વે નાણાંકીય સલાહકારશશ્રીઓ.
૯. સીલેક્ટ ફાઇલ બ-શાખા.